વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૭ : અંક - ૨ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જાન્યુઆરી ૨૨, ૨૦૧૯

# યુનિયન ઈતિહાસમાં પહેલી વાર
# દેશના ૨૦ કરોડ કામદારોની હડતાલ
## સંગઠિત-અસંગઠિત સાથસાથ

તા. ૮-૯ જાન્યુઆરીના રોજ દેશના ૨૦ કરોડ શ્રમજીવીઓ હડતાલ પર ઉતર્યા. આ દેશવ્યાપી હડતાલનું એલાન ૧૦ રાષ્ટ્રીય સંગઠનો એ તેમની ૧૨ મુદ્દાની માંગને લઈને આવેલું. આ હડતાલને સમર્થન જુદા-જુદા ઔદ્યોગિક ફેડરેશનો એ આપેલું.

તા. ૯ જાન્યુઆરી એ રાષ્ટ્રીય સંગઠનોના નેતાઓ તેમના સંગઠનોના કામદાર સભ્યો સાથે મંડીહાઉસથી સાંસદ માર્ગ પર કૂચ કરી. એક જોશ-જુસ્સો-લડતનો મૂડ-નારાઓમાં, તેમના કૂચમાં પડતા કદમોમાં છલકાતો હતો. એક રાષ્ટ્રીય મંચના બેનર હેઠળ આ કૂચ સંસદ માર્ગ પર સભાના રૂપમાં પરિવર્તિત થઈ. 'સેવા'નો સાતમો ક્રમાંક આવતાં મેં આ સભાને સંબોધતા જણાવ્યું કે, દેશની અર્થવ્યવસ્થા ખૂબ ઝડપથી બદલાય છે.

વર્ષ ૨૦૧૮માં આપણા દેશના એક કરોડ દસ લાખ કામદારોએ પોતાની આજીવિકા ગુમાવી છે. ખાસ કરીને તેમાં સ્ત્રી કામદારો, વેઈજ વર્કર્સ, ખેતમજૂરો અને નાના-નાના ધંધા કરતાં વેચનારાઓ છે. શહેરોમાં રોજગાર વધ્યો છે પણ, આ તો એવો રોજગાર છે કે જેમાં કામદારોની મહેનત વધી છે, કામનાં કલાકો વધ્યા છે અને આવક ઓછી થઈ છે. અમને તો, જોઈએ છે કામની સુરક્ષા, આવકની સુરક્ષા અને સામાજિક સુરક્ષા.

**૧૨ સૂત્રીય માંગો :**

૧) મોંઘવારી ઘટે
૨) રોજગાર અને આજીવિકા ઊભી કરવા માટે નકકર પગલાં લેવા અને હાલની બેરોજગારી નાબુદ કરવી.
૩) શ્રમ કાયદાનો ઉલંઘન ના થાય અને સ્થિર રીતે દરેક મજૂર કાયદાનો અમલ થાય.
૪) તમામ કામદારો સાથે સામાજિક સુરક્ષા કવચ જાહેર કરવું
૫) લઘુત્તમ વેતન માસિક રૂ.૧૮,૦૦૦ થી ઓછું ના હોવું જોઈએ.
૬) પેન્શન રૂ.૩૦૦૦ થી ઓછું ના હોવું જોઈએ.
૭) રાજ્ય અને કેન્દ્ર સ્તરે ખાનગી કરણ રોકવું
૮) કાયમી રોજગારી ઊભી કરવી અને કોન્ટ્રાક્ટ પદ્ધતિ દ્વારા થતા કામ પર રોક લગાવવી.
૯) પેન્શન અને પ્રોવિડન્ટ ફંડમાં વધારો કરવો.
૧૦) ટ્રેડ યુનિયનની નોંધણીની અરજી કર્યા તારીખથી ૪૫ દિવસમાં ટ્રેડ યુનિયનની નોંધણી થવી જોઈએ.
૧૧) મજૂર કાયદામાં બદલાવ નહીં
૧૨) રેલ્વે, વીમો અને સંરક્ષણમાં ખાનગીકરણ સામે વિરોધ કરવો.

શ્રમકાયદાઓમાં બદલાવ સરકાર લાવી રહી છે અને આમાંનો એક કોડ તે સામાજિક સુરક્ષા કોડ. જે અસંગઠિત ક્ષેત્ર માટે ખૂબ મહત્વનો છે કારણ કે, સતત અસ્થિરતામાં આ કામદારો જીવે છે. આ કોડમાં જેટલાં પણ અસંગઠિત કામદારો માટેનાં સામાજિક સુરક્ષાના ત્રિપક્ષીય બોર્ડ છે તેનું વિલીનીકરણ થવાનું છે. બીડી કામદાર, બાંધકામ મજૂરો વગેરેનું.

આ ના થવું જોઇએ. આ બોર્ડ તો ચાલુ જ રહેવા જોઇએ. કારણ કે, બાંધકામ મજૂરોના બોર્ડમાં ૪૦ હજાર કરોડ રૂપિયા જમા છે જેમાંથી માત્ર ૨૨% જ રકમ સામાજિક સુરક્ષા હેઠળ કામદારો સુધી પહોંચી છે. તેને તો સુધારો- તેનું ફંક્શન, પદ્ધતિ.. જેથી, દેશનાં કરોડો બાંધકામ મજૂરોને સામાજિક સુરક્ષા મળે.

દેશના મોટા ભાગનાં બોર્ડ બરાબર ચાલતા નથી. આ જ ના થાય તો દેશનાં ૪૦ કરોડ અસંગઠિત કામદારો ને કેમની સામાજિક સુરક્ષા પહોંચાડાશે ?

૨૦૦૮ના અસંગઠિત કામદારોના સામાજિક સુરક્ષાના કાયદા હેઠળ ૨૦૦૦ કરોડ રાષ્ટ્રીય સામાજિક બોર્ડે વાપર્યા નહી. અને આ જ કાયદા હેઠળ રાજ્યોના બોર્ડ બન્યા છે તેમાં ફંડ નથી ! કેવી આ લાચારી કહેવાય !

દેશના ત્રણ કરોડ ઘરખાતા કામદારો માટે આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાનું કન્વેન્શન ૧૭૭ છે. ૨૧ વર્ષ થયા પણ તેના પરથી કાયદો નથી બન્યો. તેવી જ રીતે ઘરેલુ કામદારોનું કન્વેન્શન ૧૮૯ છે તેના પરથી પણ કાયદો નથી બન્યો. આ બન્નેમાં કરોડો કામદારો તે બહેનો અને બાળકો છે. તેમને તો રક્ષણ આપો...

આ માંગોની પૂર્તતા કરવી ખૂબ જરૂરી છે. કહી મેં મારું બોલવાનું પૂરું કર્યું.

તા. ૮ની હડતાલમાં આસામ, મણિપુર, મેઘાલય, ઓરિસ્સા, પોંડીચેરી, કેરાલા સંપૂર્ણબંધ રહયા. જે ૯મી એ પણ રહયા. જેમાં, બિહાર અને ગોવા શામિલ થયા. આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, મધ્યપ્રદેશના મુખ્ય જિલ્લા કેન્દ્રોમાં બંધ જેવો જ માહોલ હતો કારણ કે, વાહનવ્યવહાર બંધ હતો. હડતાલની જબરજસ્ત અસર તમિલનાડુ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, મહારાષ્ટ્ર, છતીસગઢ, ઝારખંડ, ઉત્તરપ્રદેશ, હિમાચલ પ્રદેશમાં હતી.

આપણી અર્થવ્યવસ્થા ના મહત્વપૂર્ણ ભાગો પર હડતાલની અસર થઇ. બેંકિંગ, ઇન્સ્યોરન્સ પૂરા દેશમાં ઠપ્પ હતો. વિજળી ઉત્પાદન-વિતરણ, કોલ ઇન્ડિયા ખરાબ રીતે પ્રભાવિત રહયા. સ્ટીલ ઉત્પાદન પર પણ અસર રહી. ખનિજ તેલની ખુદાઇ, રીફાઇનીગ તથા વિતરણ તેમજ એલપીજી વિતરણ ૧૦૦% ઠપ રહયું.

મુંબઇની બસ સેવા ‘‘બેસ્ટ’’ સંપૂર્ણ હડતાલ પર હતી. અસંગઠિત ક્ષેત્રના કામદારો બીડી, બાંધકામ, કેલાવાળા, ઘરેલુ કામદાર બહેનો બહુ મોટી સંખ્યામાં દેખાવોમાં શામિલ થયા. આંગણવાડી-આશાવર્કર્સ મોટી સંખ્યામાં જોડાયા. જુદી-જુદી રીતો મોર્ચા, ધરણા, માનવહરોળ, રસ્તારોકો, રેલ રોકો, રાતના મશાલ મોર્ચા વગેરે અપનાવાયા.

આ હડતાલ તે અત્યાર સુધીમાં થયેલી હડતાલમાં મોટામાં મોટી સફળ હડતાલ રહી. જેમાં ભારતીય કામદારોની માંગો ને લઇને સંઘર્ષની સાથે એકતા દેખાઇ.

**- મનાલી**

❑

# કામદાર એકતા ઝિન્દાબાદ...

છેલ્લા પાંચ વર્ષથી રાષ્ટ્રીય યુનિયનોની ૧૨ માંગો પર આંદોલન ચાલે છે આ વર્ષે ૧૨ માંગો માટે પૂરા ભારત દેશના યુનિયનોએ ૮/૯ જાન્યુઆરીના રોજ હડતાલ પાડેલ એમા અસંગઠિત કામદાર અને સંગઠિત કામદારના પ્રશ્નોની માંગો માંગતા પોસ્ટર બેનર સાથે સ્લોગનો બોલાવતા રેલીમાં ભાગ લીધેલ બસ દરેક કામદારોનો એક જ અવાજ ‘‘હમારી માંગે પૂરી કરો.’’

દસ રાષ્ટ્રીય યુનિયનના હોદ્દેદારો દિલ્હીની રેલીમાં પણ હાજર રહેલા.

કુલ આ દસ રાષ્ટ્રીય યુનિયનો એ આંદોલન શરૂ કર્યુ છે. તેમાં ૧૨ માંગણીઓ તો ખરી. સાથે, ઉદારીકરણ, વૈશ્વિકરણ, નીજીકરણની નિતિઓ પરિણામ સ્વરૂપ સ્થાઇ પ્રકૃતિના કામો પર અસ્થાઇ નિયુક્તિઓનું ચલન વધી ગયુ છે અને ઠેકેદાર પદ્ધતિ વધી રહી છે શ્રમકાનૂનોમાં બદલાવ આવે છે. ૪૪ કાયદાને ૪ કોડમાં એક કરવાનું, સોશિયલ સિક્યુરિટિ કોડ એટલે કામદારોના કાયદાઓમાં ફેરફાર, ઘરખાતા કામદારોનું કન્વેન્શન પરથી કાયદો બને. બાંધકામ વેલ્ફેર બોર્ડ, ઘરેલુ કામદારોનું કન્વેન્શનનું રેટીફીકેશન કરવું આ બધા મુદ્દાઓ પર રેલીનું આયોજન કરી રેલીમાં બધા કામદારો સુધી વાત પહોંચાડી. પ્રેસકોન્ફરન્સ પણ કરીને કામદારોની માંગો ને વાચા આપી.

ખાસ અગત્યની વાત કરું તો તા.૮.૧.૨૦૧૯ના

ઇન્ટરનેશનલ યુનિયનના આઇ.ટી.યુ.સી.ના જનરલ સેક્રેટરી શરન બરોબેન પોતે હાજર રહયાં અને ગુડગાવમાં રેલીને સંબોધી રેલીમાં ભાગ લીધો અને તેમણે પણ ભારતના રાષ્ટ્રીય યુનિયનોને સમર્થન આપ્યું કે, અમે તમારી સાથે છીએ અને હું સરકારને મળીને ચોક્કસ તમારી વાત મુકીશ કે, આ કામદારોના પશ્નોને ધ્યાનમાં લો. રેલીમાં છેક સુધી રોડ પર પણ કામદારો સાથે રેલી પુરી થઇ ત્યાં સુધી હાજર રહેલા અને જેટલા ચોક આવે ત્યાં રેલી રોકાતી હતી અને દરેક યુનિયનોના પ્રતિનિધિઓ કામદાર વતી ભાષણો કરતાં હતાં.

જ્યારે કમલા નહેરૂપાર્ક બગીચામાં કામદારો નારા બોલાવતા આવતાં અને ત્યાં મિટીંગના સ્વરૂપમાં ગોઠવાઇ જતા ત્યાં દરેક યુનિયનોનાં પ્રતિનિધિઓ કાનૂન, સોશિયલ સિક્યુરિટિ, કોન્ટ્રાક્ટ પદ્ધતિ વિષે ચર્ચા કરતાં હતા ત્યાં 'સેવા'ના પ્રતિનિધિ તરીકે હું બોલી. અસંગઠિત કામદારોને પહેલા ઓળખ મળે, કામની ગેરંટી આવકની ગેરંટી, વૃદ્ધાવસ્થાનું પેન્શન, બાળસંભાળ, કામદારોને ઘર, આરોગ્ય અને સામાજિક સુરક્ષા મળવી જોઇએ. તેમા ખાસ અસંગઠિત કામદારોના દરેક ધંધાને લઘુત્તમ વેતનના શીડયુલ્મા આવે અને તેમને પણ ''કામદાર''તરીકેની ઓળખ મળે, કાયદા કાનૂનનું રક્ષણ મળે આ વાત મેં મૂકી.

જ્યારે વર્ષો પહેલાં આપણા માટે કાયદા નહોતા. ૧૨ કલાક કામદારો કામ કરતાં તે વખતનાં કાયદા અને અત્યારે તો શ્રમ કાનૂનોમાં બદલાવના નામે કાયદાઓ ને, શ્રમિકોને છીન્નભીન્ન કરવામાં આવે છે. તો કામદાર બહેનો અને ભાઇઓ હવે આપણે લડવાનો સમય આવી ગયો છે સંગઠિત થઇ સાથે મળી લડત આપીશું અને આપણા કાયદા લઇને રહી શું કહી મારું પ્રવચન પૂરું કર્યુ.

તા.૯.૧.૨૦૧૯ની રાષ્ટ્રીય સંગઠનોની દિલ્હીની રેલીમાં મનાલીબેન પણ પ્રવચન આપેલ તેમાં આઇ.એલ.ઓ. કન્વેન્શન ૧૮૯ રેટીફીકેશન અને બાંધકામ કામદાર વેલ્ફેરબોર્ડ દરેક રાજયોમાં સ્કીમોનું અમલીકરણ થાય અને મહિલા કામદારોને આરક્ષણ મળવું જોઇએ, ૪૦ હજાર કરોડ રૂપિયા કામદારોના કલ્યાણ માટે વપરાવવા જોઇએ. સંગઠિતવર્ગ ઓછો થાય છે અને અસંગઠિતવર્ગ વધતો જાય છે. તો તેના માટે નીતિઓ ઘડાવી જોઇએ અને કામદારોના હક્ક મળવા જોઇએ તેની વાત કરી.

- **રમીલા**

❑

# અમદાવાદની રેલી...

તા.૨૮મી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ, દિલ્હી ખાતે દેશનાં રાષ્ટ્રીય મજદૂર સંગઠનો, 'સેવા' ક્ષેત્રમાં કામ કરતાં ફેડરેશનો તથા એસોસિએશનોના મળેલા વિશાળ સંમેલનમાં નક્કી થયા મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારના ઉદ્યોગપતિઓ અને વિદેશી મૂડી તરફી નીતિઓના વિરોધમાં તા.૮ અને ૯ જાન્યુઆરીના રોજ દેશના ૨૦ કરોડ મજૂરો, કર્મચારીઓ, સેવાક્ષેત્રમાં જોડાયેલા કામદારોની બે દિવસીય હડતાળ જાહેર કરાઇ હતી.

આ અંતર્ગત અમદાવાદમાં તા.૮મી ના રોજ સંયુક્ત ટ્રેડ યુનિયન મંચ દ્વારા એક રેલીનું આયોજન કરાયું. વિક્ટોરિયા ગાર્ડનથી લાલદરવાજાથી ખાનપુર ચોક, શ્રમભવન સેન્ટ્રલ લેબર કમિશ્નરશ્રીની કચેરીએ પહોંચી તેમને આવેદનપત્ર અપાયું. સાથે જ વડાપ્રધાન અને મુખ્યમંત્રીને સંબોધતા આવેદનપત્રો પણ અપાયા હતાં.

આ રેલીમાં અસંગઠિત કામદારો, ફેક્ટરી કામદારો, બેંક અને ઇ.એસ.આઇ. વર્કર્સ તથા આંગણવાડી વર્કર-હેલ્પરો વિશાળ સંખ્યામાં જોડાયા હતાં.

આ રેલીમાં સીટુ, ઇન્ટુક, આઇટુક, સેવાના, ઇન્સ્યુરન્સ એમ્પલોઇઝ યુનિયન, એસોસિએશન ઓફ ટ્રેડ યુનિયન, આંગણવાડી કર્મચારી સંગઠન, મધ્યાનભોજન કર્મચારી સંઘ, એ.આઇ.યુ.ટી.યુ.સી., એ.આઇ.સી.સી.ટી.યુ., વેરહાઉસ કોર્પોરેશન વગેરે સંગઠનોએ આગેવાની લીધી.

આ રાષ્ટ્રવ્યાપી હડતાળમાં સવારથી ગુજરાતનાં હજ્જારો કામદારો, સંગઠિત, અસંગઠિતક્ષેત્રના અને ૩૫ જેટલા કુલ સંગઠનોના પ્રતિનિધિઓ જોડાયા હતાં.

આ રેલીની વાત કરું તો દરેક સંગઠનો પોતાના બેનરો લઇ રેલીના સ્થળે ભેગા થયા. અને સૂત્રોચ્ચાર કરતાં 'ઇન્કલાબ ઝિંદાબાદ...' ''મજદૂર એકતા ઝિંદાબાદ...'' બોલ મજૂરા હલ્લા મોલ... હલ્લા મોલ... મજૂર વિરોધી નિતિઓ બંધ કરો... જેવા નારા લગાવતા નાના સમૂહમાં મળતાં હતા અને કલાકમાં તો આ નાનો સમૂહ એક વિશાળ માનવ મહેરામણમાં રૂપાંતર થયો. રેલી જાય ને દૂર દૂર સુધી દરેક સંગઠનોના લાલ-લીલા બેનર, ઝંડા અને મોટા પ્રમાણમાં બહેનોનું જૂથ જાણે નારી શક્તિ તેમના સૂત્રોચ્ચારથી છલકાતી હતી. આ ૩૦૦૦ના માનવ મેરામણમાં ૧૫૦૦ જેટલી બહેનો અલગ તરી આવતી હતી.

અમદાવાદ સહિત આખા ગુજરાતમાં ૭૦ હજારથી વધુ

આંગણવાડી વર્કરો, ૨૦,૦૦૦ જેટલા આશાવર્કરો તથા ફેસીલીટેટર બહેનો અને ૧૫૦૦૦થી વધુ મધ્યાન ભોજન કર્મીઓ હડતાળમાં જોડાઈને દરેક જિલ્લાઓમાં સડક ઉપર આવી રેલી અને દેખાવો યોજાયા હતાં. વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, ભરૂચ અને અંકલેશ્વર ક્ષેત્રમાં ફેકટરીના કામદારો મોટી સંખ્યામાં જોડાયા હતાં. રાજકોટ-જૂનાગઢથી માંડી દક્ષિણમાં સુરત અને ઉત્તર-મધ્ય ગુજરાત અને અમદાવાદથી વડોદરા અને છેક પાલનપુરમાં વિશાળ રેલીઓ યોજાઈ હતી.

રેલીના અંતે દરેક સંગઠનના પ્રતિનિધિઓ ભેગા મળી સેન્ટ્રલ લેબર કમિશ્નરશ્રીને પોતાની રજૂઆત કરી. જેમા, મુખ્યત્વે

(૧) તમામ કામદારોને રૂપિયા ૧૮૦૦૦/- લઘુત્તમ વેતન આપો. તથા રૂ. ૬૦૦૦/- લઘુત્તમ પેન્શન આપો

(૨) આંગણવાડી-આશા-ફેસીલીએટર મધ્યાનભોજન કામદારો સહિતનાં સ્કીમ વર્કરો ને કાયમી કરો, ૧૮૦૦૦/- લઘુત્તમ વેતન આપો, રૂ. ૧૫૦૦નો જાહેર કરેલો વધારો તાત્કાલિક ચૂકવો, ફેસીલીએટરને આપેલ પગાર વધારાના વચનનું પાલન કરો

(૩) જાહેર શ્રેત્રોનાં ખાનગી કરણ બંધ કરો

(૪) મજુર વિરોધી કાયદાના સુધારા પાછા ખેંચો.

(૫) મજુર કાયદાનો કડક અમલ કરો તથા કોન્ટ્રાક્ટ, ફિક્સ ટર્મ, કરાર આધારિત આઉટ સોસીંગ નોકરી પ્રથા દૂર કરો

(૬) સમાન કામ સમાન વેતન આપો જેવી, ૧૨ માંગની રજૂઆત કરી.

આ ઉપરાંત સીટુની ખાસ માંગ આંગણવાડી અને આશાવર્કરને લઘુત્તમ વેતન માટેની હતી. મહાગુજરાત બેંક એમ્પ્લોઈઝના એસોસિએશને રજૂઆત કરી.

મેં આપણા અસંગઠિતક્ષેત્રના કામદારોને લગતા મુદ્દા જેમા ખાસ,

(૧) ઘરખાતા કામદારો માટેનું કન્વેન્શન નં-૧૭૭ને સરકાર રેટીફાઈ કરે

(૨) ઘરેલુ કામદારો માટે કાયદો બહાર પાડે

(૩) બાંધકામ કામદારોનું બોર્ડ સુષુપ્ત અવસ્થામાંથી બહાર આવી કાર્યરત થાય. તેમાં વધુમાં કામદારોની નોંધણી થાય અને બોર્ડની કલ્યાણકારી યોજનાઓ સરળતાથી કામદારો સુધી પહોંચે

(૪) સામાજિક સુરક્ષા કોડમાં હાલમાં જે સામાજિક સુરક્ષાના બોર્ડ જુદા-જુદા ધંધાઓનાં છે તેનું વીલીનીકરણ ન કરવું તેમજ તેને કાર્યરત રાખવા

(૫) બાંધકામ કામદારોના સામાજિક સુરક્ષા બોર્ડમાં પુરતાં સ્ટાફની ભરતી થાય તે પણ ખૂબ મહત્વનું છે

સેન્ટ્રલ લેબર કમિશ્નરશ્રીએ જણાવ્યું કે, ''હું તમારી વાત ચોક્કસ આગળ લઈ જઈશ અને સંગઠિત હોય કે અસંગઠિત દરેકને પોતાના અધિકાર મળશે...''

જ્યારે બીજી બાજુ, બહેનોના ટોળા રોડ રોકીને શ્રમભવન આગળ સૂત્રોચ્ચાર કરી, પોતાની શક્તિ- તાકાત બતાવી રહયાં હતાં. સેન્ટ્રલ લેબર કમિશ્નર સાથેની વાત બહેનોને જણાવતાં બહેનો ખુશ થયાં ને પછી બીજા દિવસે આઈ.સી.ડી.એસ.ઓફિસમાં દેખાવ આંગણવાડી વાળા બહેનો કરશે તેમ નક્કી કરી, સૂત્રોચ્ચાર વચ્ચે રેલી પુરી થઈ.

**- ગીતા કોષ્ટી**

❑

# રાજધાનીમાં રેલી.. વિરોધ પ્રદર્શન.. એકતાનું દર્શન

''હમ સબ એક હૈ...''

શ્રમ કાનૂનમેં બદલાવ નહી ચાહીયે... નહી ચાહીયે...

હમ હમારા હક્ક માંગતે.. નહી કિસીસે ભીખ માંગતે...

આવા અનેક નારાઓની ગુંજે ઠંઠીથી થીજી ગયેલા દિલ્લીના વાતાવરણમાં ગરમાવો લાવી દીધો. આક્રોશની આગ મધ્યાહને તપતા સૂરજને પણ ઝાંખો પાડી દે તેવી હતી. સ્થળ હતું નવી દિલ્હીનો સંસદ માર્ગ. સમય હતો મધ્યાહનથી સહેજ પહેલા ૧૧.૩૦ કલાકનો જાન્યુઆરી માસની ૮મી તારીખનો. બુલંદ અવાજે ગુંજી રહેલા નારાઓની રેલીમાં સામેલ હતાં દેશના ૧૦ જેટલા રાષ્ટ્રીય યુનિયનો અને આશરે ૨૫ હજાર જેટલા કામદારો. આ હતી જુદાજુદા મજૂર યુનિયનોની વિરોધ પ્રદર્શન રેલી. જે સરકારની મજૂર વિરોધી, યુનિયન વિરોધી નીતિના વિરોધમાં યોજવામાં આવી.

માત્ર દિલ્હીમાં જ નહી પરંતુ સમગ્ર દેશમાં જાન્યુઆરી માસની ૮મી અને ૯મી તારીખે સરકારની નીતિઓનો જલદ આંદોલન સ્વરુપે વિરોધ પ્રદર્શીત કરવામા આવ્યો. દેશના ૧૦ રાષ્ટ્રીય યુનિયનોએ ૧૨ મુખ્ય માંગો માટે સરકારની નીતિઓનો વિરોધ કર્યો. શ્રમકાનૂનમાં અનિચ્છનીય બદલાવ બંધ થવો

જોઇએ. સમાન કામ સમાન વેતન. ફિક્સ ટર્મ એમ્પ્લોમેન્ટ. ખાલી પડેલ જગ્યાઓમાં ભરતી કરવામાં આવે. લઘુત્તમ વેતન ૧૮,૦૦૦ કરવામાં આવે. દરેક કામદારને પેન્શન મળે. કોન્ટ્રાક્ટ પ્રથા બંધ કરી કામદારોને કાયમી કરો. આશાવર્કર અને આંગણવાડીની બહેનોના પ્રશ્નોનું સમાધાન લાવો તેમની સમસ્યા દૂર કરો, દરેક કામદારોને શ્રમિક દરજ્જો અને સામાજીક સુરક્ષા પ્રદાન થાય જેવા અનેક વિધ મહત્વના મુદ્દાઓને લઈને આ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.

નવી દિલ્હી ખાતેની આ રેલીની હું સાક્ષી અને સહભાગી બની. જેથી મારા અનુભવની વાત કરું તો આ પ્રકારની વિશાળ રેલીમાં હું પ્રથમવાર ગઇ. મંડી હાઉસથી સંસદમાર્ગ સુધી આખા રસ્તે માનવ મહેરામણ. લાલ ઝંડાઓ હવામાં એ રીતે લહેરાય કે જાણે, કામદારોનો આક્રોશ હવામાં વહી રહ્યો હોય. એમાં આપણી 'સેવા'નાં સફેદ ઝંડા પણ લહેરાય. જે સેવાની જેમજ પોતાની આગવી ઓળખ પૂરી પાડે. શ્રમિક બહેનોને સમસ્યા હોય અને સેવા આગળ ન આવે એવું ક્યારેય બને નહી. દિલ્હીની આવી કડકડતી ઠંડીમાં પણ પોતાના હક્ક માટે અનેક 'સેવા'ની બહેનો રેલીમાં જોડાઇ હતી. અરે, ઘણી બહેનો તો એવી હતી કે જે પોતાના ૮-૧૦ મહીના કે એકાદ વરસના નાના બાળકને તેડીને રેલીમાં ચાલતી હતી. તો કેટલીક બહેનોના એક હાથ નારા લગાવવા માટે જોશ સાથે ઉંચે ઉછળતા હતાં અને બીજા હાથમાં તેના નાના બાળકોને પકડતા હતા. આ દ્રશ્યો જ કહી દે કે કામદાર બહેનોની અને તેમાય અસંગઠિત વર્ગની સમસ્યાઓ કેટલી વિકટ હશે.. આમ છતાં મેં નાનકડા બાળકોને હાથમાં લઈને રેલીમાં ઉછળી-ઉછળીને નારા બોલતા સિલાઇ કામદાર બહેનને મને પૂછયા વગર ના રહેવાયું કે, બહેન આવી ઠંડીમાં પણ તમે તમારા બાળકને લઇને રેલીમાં જોડાયા ? બહુ તકલીફ થતી હશે ને..? તો મને કહે કે બેન, તકલીફો તો ઘણી વેઠી છે ને વેઠી રહ્યાં છીયે આ તો અમારા હક્ક માટેની લડાઇ છે. હક્ક મેળવવા માટે આપણી તાકાત બતાવવાની છે. એમાં શેની તકલીફ ? તો તેમના સાથીદાર ઘરેલુ કામદાર બહેન કહે કે, ઇસ બચ્ચે કે વાસ્તે, ઇસકે ભવિષ્ય કે વાસ્તે હી તો હમ કામ કરતે હૈ. હમ કામદાર બને હૈ ઔર કામદાર કા હક્ક છીના જા રહા હૈ તો સચ તો યે હૈ કી હમસે હમારે બચ્ચે કે ભવિષ્ય કો છીના જા રહા હૈ. ઔર ઐસે હાલાતમેં એક માં તો કભી ચૂપ નહી રહ સકતી ! તો યહ એક કામદારકી હી નહી, એક માં કી ભી આવાજ હૈ... એમ કરી એમણે બુલંદ અવાજે નારો લગાવ્યો ''હમ સબ એક હૈ...'' ''હમારા હક્ક, હમારી માંગ...'' અને એ રેલીમાં સડસડાટ આગળ નીકળી ગઇ. હું તેને જોતી રહી ગઈ અને તેનો નારો મારા કાનમાં ગૂંજતો રહી ગયો.. જેના જોશથી મારો હાથ પણ જાણે કે સ્વયંમ જ વધુને વધુ જોમ સાથે હવામાં ઉછળતો ગયો અને એ નારાઓની બુલંદીમાં સામેલ થઇ ગયો. રેલીમાં ચાલતા ચાલતાં કેટલાંક બહેનોની વાતો પણ સાંભળી જેમાં એક થોડા ઘણા શિક્ષિત હોય તેવા બહેનના મુખે સાંભળ્યું કે, કામદારોથી તો દેશનું અર્થતંત્ર મજબૂત થાય છે. અને એજ કામદારોને જો પોતાના હક્ક-અધિકાર માટે રસ્તા પર આવવું પડે તો આ તો કેવી લાચારી કહેવાય... પણ બસ હવે તો બહુ થયું હવે ચૂપ નહી બેસીયે. સાથી બહેને પોતાની આ બહેનની વાતમાં સૂર પુરાવતાં કહ્યું હા હવે ચૂપ નહીં રહીએ. એક કામદાર તરીકે કામ કરવામાં જે તાકાતનો ઉપયોગ કરીએ છીએ તે જ તાકાતનો પરચો બતાવીને રહીશું. અને હવે તો સૌ એક થયા છીએ એકતાથી મોટી તાકાત બીજી શી હોઇ શકે ?

બસ આમજ વાત કરતાં કરતાં.. બીજાને પોતાની વાતો કહેતા કે બીજાની વાતોને સાંભળતા સાંભળતા રેલીમાં વધુ જોમ અને જુસ્સો ઉમેરાતો ગયો અને રેલી નારાઓની ગુંજ સાથે આગળ વધતી રહી. રેલીમાં ઉત્સાહ અને જુસ્સો તો એવો કે તેની સામે ભૂખ-તરસ કે ઠંડીની પણ કોઇ વિસાત નહી. ક્યાંક કેટલીક વાતો સાંભળી એને તેનાથી ન જોયેલી કે ન જાણેલી સમસ્યાઓ પણ દેખાઇ. જેનાથી ક્યારેક આંખના ખૂણા સહેજ ભીના પણ થઇ ગયા. પરંતુ કામદાર બહેનોની આંખોમાં વિરોધના આક્રોશ સાથે આવનાર સમયમાં આ લડાઇને વધુ ઉગ્ર બનાવી વિજયી બનવાની આશ પણ દેખાઇ. આવા સમયે એમની એ આશમાં 'સેવા'ના સાથે હોવાનો એને એ 'સેવા'માં મારા હોવાનો મને ગર્વ પણ થયો એને ગૌરવ પણ થયું.

**- મીનલ**
સેવા ભાવનગર

❑

# સેવા ઉત્તરપ્રદેશની રાષ્ટ્રવ્યાપી હડતાળમાં ભાગીદારી - અહેવાલ

દિલ્હીમાં સપ્ટેમ્બર માસમાં થયેલા કન્વેન્શનમાં રાષ્ટ્રવ્યાપી હડતાળ જાન્યુઆરીમાં કરવા માટે એક પ્રસ્તાવ પાસ થયો. તા.૮ અને ૯જાન્યુઆરીના રોજ રાજ્યના તમામ શ્રમ સંગઠનોએ ભેગા થઇને પોતાની માંગો માટે બે દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળમાં ભારત બંધ માટે ભાગ લીધો. આ

રાષ્ટ્રવ્યાપી હડતાળમાં અસંગઠિત ક્ષેત્ર તરફથી સ્વાશ્રયી મહિલા સેવા સંઘ, ઉત્તરપ્રદેશની ઘરખાતા કામદાર, ચિકન કામદાર, બાંધકામ શ્રમિક વગેરે અલગ અલગ ધંધાના બહેનોએ ભાગ લીધો.

ઉત્તરપ્રદેશ તમામ કેન્દ્રીય શ્રમસંગઠનો મૂળ ૧૨ માંગો અને તેમાં રાજયસ્તરની સ્થાનિક ૫ માંગો એમ કુલ, પોતાની ૧૭ મુખ્ય માંગો સાથે લખનૌના ચારબાગ રેલ્વે સ્ટેશન આરક્ષણ ખાતે મેદાનમાં એકત્ર થયા. સેવા ઉત્તરપ્રદેશના મોટી સંખ્યામાં કામદાર બહેનો લગભગ ૧૧:૩૦ વાગે પોતાના હકો, માંગો અંગેના લખેલા બેનર, પેસ્ટરની સાથે હડતાળના સ્થળ પર પહોંચ્યા. ઉત્તરપ્રદેશ AITUCના સચિવ ચંદ્રશેખરજી સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રોના કામદારોને સંબોધન કરી રહયા હતા. સેવા ઉત્તરપ્રદેશના બે સંગઠકો, પૂર્ણિમાબેન જે ઘરખાતા કામદારોના આગેવાન, ચિકન કામદાર બહેનો સાથે કિરણબેન અને ખેત કામદાર બહેનો સાથે શકુંતલાબેન હડતાળના સ્થળ પર પહોંચ્યા તથા પોતાની માંગો સાથે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની આ માંગો અંગેની નીતિઓની વિરુધ્ધ હડતાળમાં ભાગ લઇ હડતાળના સાક્ષી બન્યા.

શ્રમ કાનૂનોમાં બદલાવ અને મજૂરોના હિતોને લઇને હડતાળમાં સેવાની બહેનોએ પોતાની સમસ્યાઓને અને પોતાની માંગોને બધાની સામે સમજાવી.

'સેવા સંગઠન ઝિંદાબાદ', 'મજૂર એક્તા ઝિંદાબાદ', 'હમ બહેનોને માના હૈ, સંગઠન કો મજબૂત બનના હૈ, હમારા હક્ક લેકર રહેંગે, લેકર રહેંગે.' જેવા નારાની સાથે હડતાળમાં પૂરજોશથી ભાગ લીધો. લગભગ ૧૨:૩૦ પર કૂચ માર્ચ કરતાં-કરતાં નિકળ્યા, સેવા ઉત્તરપ્રદેશ સંગઠનની સાથે-સાથે સંગઠિત ક્ષેત્રના યુનિયન જેમકે બિજલી, પરિવહન, રેલ્વે, વીમા, બેંકિંગ, સિંચાઇ, એટક, ઇન્ટક, 'સેવા', આંગણવાડી વગેરે યુનિયનથી જોડાયેલા સંગઠકોએ પણ ભાગ લીધો હતો. જે નિરંતર પોતાની માંગોને લઇને નારાબાજી કરી રહયા હતા. લગભગ ૫ કિ.મી.ની આ કૂચ માર્ચમાં હજારો શ્રમિકોએ કરી. સેવા ઉત્તરપ્રદેશ તરફથી હડતાળમાં આવેલી તમામ બહેનો પૂરા જોશથી સાથે જ હતાં પણ અંતર અને વધુ સંખ્યા હોવાને લીધે અમુક બહેનો આગળ-પાછળ થઇ જતી હતી. અને અમુક બહેનો કે જે ઉંમરવાળા હતાં પણ જોશ હતું તેમણે, તો રસ્તામાં આવતા હુસૈન ગંજ ચાર રસ્તા પર થોડા રોકાઇને પોરો ખાધો, પણ હડતાળ માટે બહેનોનો જોશ અને ઉત્સાહ બિલકુલ ઓછો થતો ન હતો. આગેવાનોનાં નારા શ્રમિકોને વધુ જોશીલા બનાવતા હતા. 'જો મજદૂર કિસાન કી સૂનેગા વહી દેશ પર રાજ કરેગા' જેવા નારા એ સાફ ઝલક આપી રહયા હતા કે, આજે કિસાન અને મજદૂર પોતાના માટે બનેલા શ્રમ કાનૂનથી બિલકુલ પણ સંતુષ્ટ નથી અને આ નીતિમાં બદલાવની જરૂર છે.

આ સેવા ઉત્તરપ્રદેશની સભ્ય બહેનોમાંની ચાર ઘરોમાં જઇને ઘરેલુકામ કરતી કમલાવતીબેનનું પણ કહેવું હતું કે, અમે સરકારને હડતાળના માધ્યમથી અમારા માટે થતા વિવિધ શોષણ માટે થોડા જ કાનૂન અને ન્યૂનત્તમ વેતનની માંગ કરીએ છીએ. બધા શ્રમિકોના સામાજિક સુરક્ષાના બોર્ડની જેમ અમારા ઘરેલુ કામદારોના સામાજિક સુરક્ષાના બોર્ડની માંગ કરીએ છીએ.

આ ક્રમમાં શ્રમ સંગઠનોને આ કૂચ માર્ચ ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌમાં વિધાનભવનની સામે પહોંચ્યા અને બધા સરકારના કાન સુધી પોતાની માંગો પહોંચે એવા બુલંદ અવાજમાં નારા લગાવતા હતાં અને ૧૦ મીનીટ રોકાઇને પોતાની નારાબાજી ચાલુ રાખતા હતા. શ્રમ કાનૂનમાં મજૂર વિરોધી સંશોધન, કામ માટે સમાન વેતન હોય, મજૂરોની ઠેકા પ્રથા બંધ થાય, અસંગઠિત ક્ષેત્રના કામદારોને કામદારોનો દરજ્જો મળે, આ રીતે બધા જ શ્રમ સંગઠનોએ સરકારોને ચેતવ્યા. એ પણ કહયું કે, જો અમારી માંગોને પૂરી ના કરી તો અમે અચોક્કસ મુદતની હડતાળ કરીશું.

આ સાથે અમારા યુનિયનની કૂચ માર્ચ હજરતગંજ પાસે વીમા નિગમ કાર્યાલય પહોંચી. વધુ ભીડ હોવાથી સેવાની અમુક બહેનોને પાછળ રાખવામાં આવી. બધા સંગઠનોએ સંગઠિત થઇ મુખ્ય માંગોને રજૂ કરી. આ સાથે અસંગઠિત ક્ષેત્ર તરફથી સેવા ઉત્તરપ્રદેશના મહામંત્રી ફરીદાબેન જલીસે શ્રમિક બહેનોના હક્કો સાથેની માંગોનો પત્ર આપ્યો. બધા યુનિયનોએ સરકારને ચેતવણી આપી કે, તેઓ ભવિષ્યમાં વધુ દિવસની હડતાળ પર જઇ શકે છે.

આ સાથે પાછળ રહી ગયેલી અમુક બહેનો પણ આવી ગઇ.

આ સાથે સમસ્ત ભારતમાં ચાલી રહેલા શ્રમ સંગઠનોની હડતાલનો બીજો દિવસ શરૂ થયો અને પોતાના માંગ પત્ર લઇને ઉપશ્રમાયુક્ત કાર્યાલયમાં આપવા માટેની યોજના બનાવી. કેન્દ્રીય શ્રમસંગઠનો તેમજ ૪૦ સ્વતંત્ર ફેડરેશનના આહ્‌વાનથી કર્મચારી, મજૂર સંગઠનની કૂચ માર્ચ, હજરતગંજ ખાતે આવેલી ભારતીય જીવન વીમા નિગમ કાર્યાલય મફેચર, નોવેલ્ટી,

લાલબાગ, હુસ્સેનગંજ થઇને ઉપશ્રમાયુકત કાર્યાલય પહોંચીને સંપન્ન થઇ. જયાં બધા યુનિયનોએ સૌથી પહેલાં આયોજીત સભામાં ભાગ લીધો. જેમાં 'સેવા'ના સભ્યોએ ભાગ લીધો. આમ આ સભામાં મોટી સંખ્યામાં અસંગઠિત ક્ષેત્રના મજૂરોએ ભાગ લીધો હતો. કેન્દ્ર સરકારની આર્થિક નીતિઓને મજૂર વિરોધી જણાવી. અસંગઠિત ક્ષેત્રના કામદારો અને મજૂરોનું કહેવું હતું કે, અસંગઠિત ક્ષેત્રના મજૂરોને કાયદાકીય રક્ષણ મળવું જરૂરી છે.

સરકારી સેવાઓનું ખાનગીકરણ થઇ રહયું છે. શ્રમિકોની માંગ એ હતી કે, બાંધકામના શ્રમિકોનું પેન્શન દર મહિને ૫૦૦૦ રૂા. થાય. લખનૌના મજૂર સંગઠકનો એ પોતાનું માંગપત્ર લખનૌ વિસ્તારના ઉપ શ્રમાયુક્ત શ્રી એ.કે.શુક્લને સોંપ્યા. શ્રીમાન શુક્લએ સભાને સંબોધિત કરી અને માંગપત્રોને સ્વીકારી. આ સાથે શ્રમિકોના માંગપત્રોને સરકાર સુધી પહોંચાડવા માટેનું આશ્વાસન આપ્યું.

મુખ્ય માંગોને અગ્રિમતા અનુસાર રાખવામાં આવી. જે આ રીતે હતી -

- જૂની પેન્શન યોજના લાગુ થાય.
- ન્યૂનત્તમ વેતન ૧૮૦૦૦ થાય.
- સમાન કાર્ય સમાન વેતન
- અસંગઠિત ક્ષેત્રના કામદારોને કામદારની ઓળખ મળે.
- ન્યૂનત્તમ મજૂરી દરેક કામદારોને મળે.
- શ્રમ કાનૂનોમાં થતાં બદલાવોમાં મજૂરો ને રક્ષણ મળે.
- ખાનગીકરણને રોકવામાં આવે.
- બાંધકામ મજૂરોનું પેન્શન ભથ્થુ વધે
- છૂટક કામદારોને નિયમિત કરવામાં આવે
- મજૂરો/શ્રમિકોના બોર્ડનું સંગઠન અને તેમનું સંચાલન થાય
- સ્કીમ વર્કસને ૪૫ શ્રમ સંમેલનની સિફારીશના આધાર પર ન્યૂનત્તમ વેતન અને કામદારનો દરજ્જો મળે.

**- ફરીદા જલીસ**

**મહામંત્રી, સેવા ઉત્તરપ્રદેશ**

❑

# ધંધાઓ પર અર્થતંત્રની અસર

અમરાઇવાડી વિસ્તાર એટલે કામદારોનો ભંડાર. દરેક ઘરમાં દરેકનાં હાથમાં કામ કોઇ સ્ટોન લગાવે, કોઇ પ્લાસ્ટીકની થેલી તોડે, કોઇ ચમચી ભરે, કોઇ જીન્સપેન્ટના તાકા તોડે કોઇ ભંગાર જુદો પાડે, કોઇ શાકભાજી ધોવાનું કામ કરે, કોઇ કામની ગણતરી જ ના કરી શકાય.

અમે ત્યાં સ્ટોન ભરતા પ્રિતિબેન કે જે, તેમના પિયરમાં સ્ટોન ભરતાં હતાં લગન થયા એટલે સાસરીમાં આવ્યા ને આ કામ શોધી કાઢયું. પ્રિતિબેન કહે, મારા સાસુ-સસરા કડિયાકામ કરે મને કહે, ચલ અમારી સાથે. મે કીધું એ કામ હું ના કરું હું તો સ્ટોન ભરવાનું કામ કરીશ. પાડોસમાં એક બેન આ કામ લાવતા હતા. એમની સાથે જઇ હું સ્ટોન ભરવાનું કામ પાડોસીની ઓળખાણથી મેળવ્યું. હાલમાં ૩ વર્ષથી આ કામ કરું છું. તેમા ૧૦૦ નંગ લગાવીએ તો એક રૂપિયો મળે. દિવસનું ૪૦ રૂ. થી ૬૦. રૂ. રોજના કમાઇએ. એમા જે ગ્લૂટીકનો કોન આપે તેનાથી સ્ટોન ચોપડીએ. સ્ટોન પણ કેમિકલ વાળો આવે ને બેન, એટલે અમે ઘડી ઘડી આંગળીથી લગાવીએ. એટલે કેમિકલ તો મોઢામાં જાય જ. અને કોઇક વાર તો સ્ટોન પણ ગળી જવાય છે. અને આખો દિવસ બેઠા રહીએ તો ડોક દુઃખે છે, અને કમર પણ દુઃખે છે અને જીભમાં કેમિકલ અડી જાય તો જીભ પણ તતડે છે. આંગળીની ચામડીયે ઉખડી જાય છે. અને ભાવ તો છેલ્લા ૩ વર્ષથી ૧ રૂ. જ ૧૦૦ નંગનો મળે છે. સેમ્પલમાં બે મોર હોય અને ૮૦૦ નંગ લગાવેલા હોય અને અમને જે ડ્રેસ આપે તેમા ૩ મોર હોય, ડબલ એક્સલ હોય અને ૧૦૦૦ નંગ લગાવીએ તોય ૮૦૦ નંગના પૈસા આપે. ૧૦૦૦ થાય પણ ૮૦૦ જ આપે . અને કહીએ કે, ૧૦૦૦ થાય તો કહે એ પ્રમાણે જ મળશે. અને કહે કે, કામ ના કરવું હોય તો બંધ થઇ જાવ. પણ બંધ કરે પાલવે તેમ નથી એટલે કરીએ છીએ. પહેલા મારા પિયરમાં હતી ત્યારે બાપુનગરથી માલ લાવતી ત્યાં ૧૦૦ નંગના ૧ રૂ. ને ૫૦ પૈસા આપતા. અને બટન ચોડવાના ૩ બટન ચોડવાના ૨ રૂ. આપતાં ત્યાં થોડો વધારે ભાવ મળે છે ને અહીં થોડો ઓછો ભાવ મળે છે પણ, કરીએ છીએ. ઘરે બેઠા દરેક કામમાં મજુરી ઓછી મળે છે. આવા ઘરખાતા કામમાં મારા જેવી હજારો બહેનો કામ કરે છે.

બાજુમાં સ્ટોન ભરતા કાન્તાબેન બોલ્યા, હું ૫ વર્ષથી આ કામ કરું છું પણ, એક જ ભાવ ૧ રૂ. ! દરેક ચીજ-વસ્તુનાં ભાવ વધે છે. શાકભાજીના ભાવ વધે, અનાજના ભાવ વધે, ગેસના ભાવ વધે, લાકડાના ભાવ વધે પણ, અમારી મજુરીમાં વધારો

‘ANASOOYA’ R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20 Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
22-1-2019

ના થાય ! હાલ હવે દિવાળી ગઈ એટલે માલ ઓછો આવે છે. હું ને મારી સાસુ બે એ વીસ-વીસ રૂ.નું કામ કર્યું. શાકભાજીના પૈસા એક ટંકના ના નિકળે આવું અમારું કામ ! મારા ઘરવાળા, મારા સસરા બન્ને કડિયાકામ કરે છે વાઘના ચારા જેવું. છ મહિનામાં માંડ વીસ દિવસ કામ મળે. એમાં અમે ઘરમાં નાનાં-મોટા આઠ જણા. આવામાં બાળકો ભણાવવા તકલીફ પડે છે. એટલે, ઓછા ભાવમાં પણ આ કામ કરીએ છીએ. જ્યોતિબેને ૨૭૦૦૦/-નું ટેક્નીકલ મશીન વસાવ્યું છે. અને પોતે પણ બટન ટાંકવાનું કામ કરે છે. માલ વધારે આવે તો રાત્રે પણ કામ કરે છે.બધા બેનો કહે, ૩ બટનના ૧ રૂ. ને ૫૦ પૈસા મળતા હતા. અને આ મહિને ૧૯ હજારનું કામ થયું. તો ભાવ ઘટાડી દીધો. ૧ રૂ. ૫૦ પૈસાની જગ્યાએ રૂપિયો કરી દીધો. ઉજાગરા અમે કર્યા, મહેનત અમે કરીએ, આંખો અમારી બગડે ને નફો જાય મોટા કોન્ટ્રાક્ટરોને કે શેઠીયાઓને, પણ અમારું કોણ સાંભળે ? ફટાક લઈને વહેપારી એ પૈસા કાપી લીધા. અમે કોઈને કહીએ તો અમારું કામ બંધ થઈ જાય. એટલે અમે કોઈને કંઈ કહી શકતા નથી અમારું કામ જતું રહે.

પ્લાસ્ટીકની કોથળી તોડવાવાળા બહેનોને જોયાને મેં પુચ્છયું કે, આ થેલી તોડવાના કેટલા પૈસા મળે? તો કહે, ૧૦૦ થેલી તોડીએ તો ૫૦ રૂ. મળે. ૧૦૦ થેલી તોડતા ૨ કલાક લાગે. થેલી તોડતા કપડા બગડે, સેપટ ઊડે, શ્વાસમાં રજકણ જાય એટલે અમારા શરીરમાં પણ કફ જામી જાય છે અને આખો દિવસ બેઠા બેઠા કામ કરવાનું તો કમર દુઃખે, હાથ-પગ દુઃખે કોને કહીએ ? અમારું કોણ સાંભળે ?

સ્ટોન ભરવા આપનાર ભાઈને મળ્યાં કહે બેન, હું કોઈ વહેપારી નથી. બંધમિલ કામદાર છું. અને મારો બાબો આ માર્કેટમાંથી એક વહેપારી પાસેથી લાવે છે. અને હું અહીં ૩૫ બેનોને આપુ છું. ને આ માલ પરદેશ જાય છે. ઈન્ડોનેશિયા, કેનેડા, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા જાય છે. અમારો વહેપારી અડધો માલ આપણા દેશમાં બનાવડાવે પણ તેનું વેચાણ પરદેશમાં જ ચાલે છે મને થયું કે, આ સ્ટોન ભરેલાં તૈયાર કપડાં પહેરનારે કોઈ દિવસ વિચાર્યુ હશે કે, આ ચમકતા મારા કપડાં, રૂપાળા મારા કપડા જેણે બનાવ્યા છે તેમની જિંદગી કેવી હશે ? બે ટંક ભેગા થતાં હશે ? છેક... પરદેશમાં જતા કપડાં હજ્જારો રૂપિયામાં વેચાતા હશે પણ, શ્રમજીવી તો હંમેશા ગરીબ જ રહે છે, આવું કેમ ?

**- રમીલા**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-1-2019**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]